મદન ચંદ્રીકા.

નાટકનાં ગાયનો.

શ્રી લબ્ધિવિલાસ નાટક કંપનીને માટે.

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર.
રણછોડદાસ ભાઇચંદ આમલીવાળા.

આવૃત્તિ પેહેલી પ્રત ૧૦૦૦.

અમદાવાદ.

"ગુજરાત" પ્રીન્ટીંગ પ્રેસ.

સંવત ૧૯૫૬ સને ૧૯૦૦.

કીંમત બે આના.

મદન ચંદ્રીકા નાટકનાં ગાયનો.

અંક પેહેલો.

બાળકીઓ— **૧**

હરિ કૃષ્ણ દયો સાહે તમારી દાસ જાણી દીનવાણી સુણો મારી. હરી.
કરતા છો તમે વિભુ હુંતો તમારે આશરે માત્ર નિમીતજ છું જય. હરી.
આશ્રય એકજ તારો વિધ્ન હારો પાર પાડો પ્રભુ લજ્યા રાખી મારી. હરી.

સખીયો— **૨**

ચાલો હળી મળીને હે સખી, માતા અંબીકાને બારણેરે. ચાલો.
ગીતો ગાતાં સલુણી હે સખી, જૈયે શ્રી ઐશ્વરીને વારણેરે. ચાલો.
આદ્ય શક્તિ તું ઐશ્વરી દૈત્ય વંશની કાળ,
ભક્ત ભવાની તાહેરા, તેની તું પ્રતિ પાળ.
એવી તું આદ્ય સુખદાઇ ઓ માતરે. ચાલો.

આયુધ ધરણી અંબીકા, ગઢ આબુ તુજ વાસ,
યાચે છે તવ બાળકી પૂર્ણ કરો અમ આશ.
જગ્ત જનુની છે તું ભવાનીરે લીલા તુજ છે અપાર,
આનંદ આપજો અરે સદા છે તારો આધાર. ચાલો.

મદન— ૩

વાહ સુંદર શી ખીલી.
આ વાડી તણી ઝાડી કેવી ઝૂકી રહી. વાહ.
બહેકી રહ્યાં પુષ્પો અતિ બગીચા મોઝાર,
મંદમંદ પવનની લ્હેકી સુખકાર,
શીતળ સુગંધ, ત્રપ્ત કરે મન,
વેલી ચંએલીની બની બહાર બહાર. વાહ.

૪

વાહ મનહર સુંદર મોહની સોહેની, સુંદરી, છે પરી, તુ ખરી. વાહ.
રતીસમ રૂપ ભર્યું રસથી જોબન,
જોઇ ઉલ્હાસ થાએ, મન પ્રફુલાએ,
હરતી મન, શીયો વન, વાડી ખીલી જાણે ઇંદ્રપુરી સમ,
ચાલે ચાલ છમ છમ. વાહ.

૫

સખીયો—બોલીરે સખી કેમ આમ થઇ ગઇ શુધ બુધ શું તારી.
પર પુરૂષથી પ્રેમજ બાંધ્યો, એતો અઘટીત છેજ વિચાર.

ચંદ્રીકા—નહિં નહિં સખી, એમજ નથી,

એ છેજ મારા પોતાના નરવર પરના નહિં પ્યારી. ઘેલી.

સુનંદા—એમકે એ એ એ.

ચંદ્રીકા—જોઇ આકૃતિ જ્યારથી એમની અરપ્યું છે મુજ તન મન ધન,

સખીયો–વદન મદનનામાં સખી ત્યારે શું અરપ્યુંછે તુજ બદન.

ચંદ્રીકા—હા હા સખી,

સખીયો–વાહ વાહ સખી, તુંતો થઇ અલબેલી ઘેલી વેલી પતિ વરવા ધારી,

ચંદ્રીકા—હાંહાંરે મુજ યોવન વેલી ફૂલી સુખકારી.

એ વેલીની પુષ્પ સુગંધી મદન ભમર લેશે નીરધાર,

સુનંદા—હેં કે એ એ એ,

ચંદ્રીકા—કેમ લુચ્ચી મારી હાંસી કરેછે કે,

સખીયો– અરે વાહ સખી,

સુનંદા—શાબાશ સખી,

સખીયો– જા જા કરી લે કલોલ પ્રિયપતિ સંગ પ્રેમે રસ બસમાં વારી.

ચંદ્રીકા—હાંહાંરે મુજ યોવન વેલી ફૂલી સુખકારી.

૬

સખીયો– જા જા વ્હેલીથા વ્હેલીથા મળ મન ગમતાને, (૨)

શીદ અણુસારા ભરે છે છાના ભેટીલે જાનાને.

ચંદ્રીકા—આમ કરોછો શાને હાંસી,

સખીયો–જાના જોડી જો તપાસી.

સુનંદા—હાં હાં આં આં આં આં.

ચંદ્રીકા—શીદ લજાવો આલી મારી,
સખીયો- જાજા એ નખરાદાર પ્યારી.

સુનંદા—હે એં એં એં એં એં.
ચંદ્રીકા—શું હાંસીની વાત ચલાવો,
સખીયો- મન ભાવે ને મુડી હલાવો.
સુનંદા—બરાબર બરાબર.
ચંદ્રીકા—સર્વે મળી શું શરમ ધરાવો,
સખીયો- જાવો હવે નહિં માને ભરાવો.
પરણીશ તું પ્રીતમને જ્યારે, અમ સરખીને નહિં સંભાળે.
ચંદ્રકા—શીદ કરોછો આવા ટાળા, નવ કરો સૈયરો ચાળા.
સખીયો- હર્ષે હોંસીલી પ્રીતમ શું રસ પીસે પાઇ,
ત્યારે આ સખીયો રંકને સાવ જાશે ભુલાઇ.
ચંદ્રીકા—લાજ ધરી છોડો કપટાઇ,
સખીયો- રસ બસમાં જાશો લપટાઈ.
ચંદ્રીકા—બસ ઝાઝું ન જા છલકાઇ,
સખીયો- બસ ઝાઝું ન જા મલકાઇ.
જારે જા શરમાણી આમ સૈંયરોથી સાને. જા. જા.

૭

ચંદ્રીકા—કેશરીયા કેશરીયા કેશરીયા કેશરીયા.
ઉઠ વસંત આવીયો લે બ્હાર યોવન રંગનો,
મદન બાગ ખીલીયો આ વખતછે ઉમંગનો.
રમતું રંગ, કરતું સંગ, છે ઉછરંગ,૦——૦——૦૦૦કેશરીયા.
પ્રેમની પીચકારી માંહિ જોબન રંગને ભરીને,

દબાવ છેલ ફાંકડા તક ન આવે આ ફરીને.
ખેલવા ફાગ, છે આ લાગ, ઉઠને જાગ,૦-૦-૦૦૦કેશરીઆ.

૮

મદન— મરમ મરમ ભરમ ભરમ ઓળખી ગયો છું પ્યારી.
દબાવી આંખ મારી, ઠઠ્ઠા કરે ઠગારી,
છોડ છણુકારી પ્યારી, શરમ શરમ શરમ શરમ. ઓળખી.

રેશમી બાલ આજ, ગુલાબી ગાલ આજ,
મમ પ્રિય પ્યારીનાજ, નરમ નરમ નરમ નરમ. ઓળખી.

ચપળ ચાલ એજ, નાજુક ચુડી તેજ,
કોમળ કર આ છેજ, ગરમ ગરમ ગરમ ગરમ. ઓળખી.

ચંદ્રીકા— ૯

પધારો પ્રિતેથી પ્યારા રંગે રસીક જાવોરે,
રંગે રસીક જાવો, સુંદીર છેલડા સીધાવોરે. પધારો.

મદન— મધુર મીઠું બોલી પ્યારી ઘેલો તેં બનાવ્યો,
છાના કટાક્ષ નાંખી સ્યાણી સાને મલકાવોરે. પધારો.

ચંદ્રીકા—મળશો ફરીથી ક્યારે કોડીલા કંથજી.
સગાઇ મારા સાચું કહો વાયદો બતાવોરે. પધારો.

૧૦

સખીઓ—અરે મધુર મધુર ઠણુકો કરતી ક્યાં ચાલી ઠણુકારી.
ચંદ્રીકા—સુણ સખી તું મારી, રોક મને નહિં પ્યારી,

સુલક્ષણા-વાત બધી હું વ્હાલી, જાણી ગઇછું આલી.
ચંદ્રીકા—રાખ મને નહિં ઝાલી,
સુનંદા—અરે ક્યાં તું નાશી ચાલી.

વાહ વાહરે ઠગારી નારી ક્યાં નાસોછો પ્યારી,
ધમ ધમ ધમાક હાં, છમ છમ છમાક હાં,
ઠમ ઠમ ઠમાક યે, ઝમ ઝમ ઝમાક. હેં હેં હેં. સખુર

સુલક્ષણા-શા મનસુબા કીધા ગટપટ,
ચંદ્રીકા—તારે શી છે તેની ખટપટ.
સુલક્ષણા-સમ છે મ્હારા કહી દો વ્હાલી,
સુનંદા—ક્યાં ચમકાવી મુખપર લાલી.
ચંદ્રીકા—શું સરમાવો સહીયર ઠાલી,
સુલક્ષણા-ક્યાં ભરમાવો પીયુ શું મ્હાલી.
સુનંદા— હા-હા-હા-હા. સખુર.

૧૧

પ્રતાપ— કીધો કોપ શો જગદીશ આ મુજ રંક કેરા રાજમાં,
સમજ મુજને પડતી નથી નવ સુઝે કાંઈ કામકાજમાં. કીધો.
બુંદ એકે પાણી તણું નથી પડતું એ તે શું હરી,
પીડાય પ્રજા માહેરી જીવ જંપે સૌના અનાજમાં. કીધો.
ખજાનો ખાલી થયો સર્વ આવકો પણ બંધ થઈ,
નથી સુઝતું હવે હરી દીન જાશે તે કેમ લાજમાં. કીધો.

સત્યવક્તા- ૧૨

બલે આપી રજા તમે મ્હેરબાન, (૨)

બાળકીનો ભવ બાળવામાં નહિં નહિં આપું મુજ ધ્યાન. ભલે.
જાવુંછું જાવુંછું જાવુંછું જાવુંછું જાવુંછું હું નિધાન,
પ્રતાપ—થા થા દુર ઠગારા મ્હેલથી મ્હારા ભર ઉચાળા જા,
સત્ય૦—ભલે નાથજી મારા દુખની ધારા થાશે પાછળ હાણ.
પ્રતાપ—ચલવીશ તુજ વીણ જરૂર નથી જા કંઇ મુંને પરવાજ તમારી,
સત્ય૦—હાલ વદોછો એમજ પણ પાછળ પસ્તાશો બહુ ખેદકારી૦
કરૂં છું છેલ્લા પ્રણામ. થા થા૦

૧૩

ખેડુતો— અન વીણ જીવડો જાય રાજાજી અન વીણ જીવડો જાય,
ખાવું ખાવું મન થાય. રાજાજી.

વરહાત મુદ્દલ નથી વરહતો, પડયો મોટો દુકાળ;
અન વીણ રઝળે પ્રજા રાંકડી, રઝળે નાનાં બાળ. રાજાજી.

છેતીમાં કાંઇ પાચ્યું નહિંને, વેસોણાં ઘરબાર,
અરજ આપને કરવા આવ્યા, હાંભળજો હરદાર. રાજાજી.

દીયો ખાવાનું દયા આણીને, કરગરીએ મા બાપ,
રંક રૈયતની દાદ હાંભળી કાપો આ હંતાપ. રાજાજી.

ખેડુતો—

૧૪

ભલું થાજોરે ભલું થાજો, મદનસીંહ તણાં હરખ દુખ જાજોરે. ભલું.
કીધાં હખીયાં આલી દામ, હખી રાખો ધને રામ,
વિપતી વેળાએ પરણુ ધાજોરે. ભલું.

લીધી ગરીબની હંભાળ, પરમારથ છત્રી બાળ,
ધરણીમાં ઢોલ તારાં ગાજેરે. ભલું.

એતો બાપાનો પરતાપ, રાખી રજપુતની છાપ,
હરી તને રાખે હાજો તાજોરે. ભલું.

રૂપસુંદરી— ૧૫

હોય ગધુપાની (૨) તે નરને તો સતકોટી ધિક્કાર છે.
કરે પાન મધ્યનું નર જે જે, વણુ મોતે મરણુ પામે તે તે,
એવા લંપટને લજ્યા છે છે. હોય.
જાય કેફ થકી કાળજું ફુટકી, થઇ ભ્રમીત મરે ભટકી ભટકી,
વળી ઠામ કુઠામ દીયે પટકી. હોય.
જે જન એને વળગીજ રહ્યા, તે સઘળા આખર ખ્વાર થયા,
ખોઇ દામ ધામ જીવથીજ ગયા. હોય.

સિપાઇઓ— ૧૬

અચ્છી લ્હેજત આવે મેરે ભાઇહો, દારૂ પીયો, દારૂ પીયો
હો દારૂ પીયો, દારૂ પીયો, દારૂ પીયો. અચ્છી૦
બ્હોત મઝેકા લ્હેજતદાર હુએ,
ઉસ્કો પીનેકી ભાઇ બડી બ્હાર હુએ. દારૂ૦
લાગે મીઠી ઉસ્કી લ્હેર,
વાહવા આવો આનંદ ભેર,
જાના દુર, હુવે મંજુર,
આયે લ્હેજતમે પુર, આહાહાહા (૩)

૧ સિપાઇ—ચલો હોતી હૈ અબ્જી દેર,
૨ સિપાઇ—અજી ભાયાં ઠેર ઠેર,
સર્વે——અપની ખુદા ગુજારેગા ખેરહો૦ ઠાર૦

મદન— ૧૭

બસ બસ નહિં છોડું જે તોડું મસ્ત એ પાપીનું આજે,
મારીશ, કાપીશ. પકડી, જકડી, ત્યારે વળશે દાઝે,
હવે હરામ હરામ ખાવું પીવું છે આજે. બસ૦
ક્રોધો કેર, વરસે ઝેર. મારૂં ઠેર, વાળું વેર,
હર હર શંભુને સંભાળી મારી નાંખું વિજયકાજે. બસ૦
ભાગી નાંખું પાપી તણાં હાડ, હઠવાનો નથી જરી,
મારીશજ ક્રોધ કરી શું જશે મુજ પ્રિયાવરી પડાવુંજ રાડ. બસ૦
સૌંહારી ને મારી બહુ ભારી કરૂં ખ્વારી ધાકારી દોધારી,
મારૂં ફોજ સારી. બસ૦

મદન— ૧૮

ઠાર ઠાર મારૂં ઠાર મ્યાન કરૂં ત્યારે તલવાર,
શાળે એ પાપીના ભાર, કાંઇ નથી મુજને દરકાર. ઠાર૦
ઓ બહાદુર હથિયાર, થાઓ તમે તૈયાર,
ઝટકી પટકી કટકી કટકી કરો શત્રુની સાર. ઠાર૦
વરી જશે શું નાર જેથી મારો પ્યાર,
મારૂં માર જે નીરધાર પહોંચાડું યમદ્વાર. ઠાર૦

ઋષિમંડળ— ૧૯

સમજ સમજ તું સત્ય સચ્ચા ઓર કછું નહિં,

અહોમ શબ્દ યાદ કર ગુરૂકા બોધ અહી.
અલપ ઝલપસેં આયગારે કાલ ગલક મહીં.
લે જાયગા ઉઠાય કે હજુરમે સહી. સમજ.

નહિં ખબર કીસીકુ કલકી વ્હાં પુછેગા પલ પલકી,
દીલકી તેરે દીલમેં જાયગી સબી રહી. સમજ.

દુનિયાં હુએ જુઠી બાજી દે છોડ ઉસીકુ પાજી,
રાજી હોકે હરકુ સુમર સચ્ચા વો સહી. સમજ.

૨૦

સુખી રહો સુખી રહો પ્યારે,
અમન ચમનસે આનંદ કરો હુએ. આશીશ બચન હમારે. સુખી.
અચળ રહો એ જોડી તુમારી હરદમ આનંદકારે,
ભજના ભોલા શીવકુ બચ્ચા બિગ્ન તુમારે નિવારે. સુખી.
વિજય વિશ્વમે હોયગા તુમારા, હરકી કૃપાસે બારે.
રક્ષા કરે તેત્રીશક્રોડ દેવા ઓર અંજની કુમારે. સુખી.

અંક બીજો.

ચંદ્રકા— ૨૧

હાંરે મારૂં જોબન રંગે ભીંજાય. (૨)
હૈયામાં હર્ષ ન માય મારો કંચવો તસ તસ થાય. મારૂં૦
સખીયો—અરે વાહ વાહ વાહ વાહ. હાંરે મારૂં૦
ચંદ્રીકા—પતિ અતિ રૂપાળા હું પામી જાણે પુનમનો ચંદ,
મલકાવે મુખ પ્રેમથી પ્યારો મદન એ મંદમંદ. મારૂં.
સખીયો—અરે વાહ વાહ વાહ વાહ. હાંરે મારૂં૦

વાહવા સખી શ્યાણીરે વાત તારી જાણીરે.
થયાં કોનાં રાણીરે. સાચું કહો.

પરણી કોની સંગેરે મારા સમ રસીલી શું રંગેરે,
વદો આ પ્રસંગેરે. સાચું કહો.

ઠગીને ઠગારીરે જઇ આવી કયાં પ્યારીરે,
વ્હાલી મન વિચારીરે૦ સાચું કહો.

ચંદ્રીકા— ૨૨

શાંને વાત પુછો વ્હાલી જાણી બુઝીને આમ,
અરસ પરસ છે સૌને સરખું વિચારો તમામ;
ઠરો ઠામ કરો કામ. શાને.

જાઓરે જાઓ શીદ શરમ ધરાવો,
સખીયો—કહો ગયાંતાં કોને ધામ, કેવી હામ, બસ ચુપ. શાને.

નિર્મળા— ૨૩

ઠીક છે ઉમેદ સફળ તારી કરજે પાર, પૈશ ખ્વાગ નહી
ખાર. ઠીક.
એક છડી આમ બોલે છે બોલ, પણ ઉતારીશ તારોજ તોલ,
પાપણી, આપણી, અભાગણી હજુ વિચાર. ઠીક.
ધિક ધિક કીધું મુજ અપમાન, પણ ઉતારીશ તારૂંજ માન,
છળથી પ્રપંચથી દુષ્ટણી તારા શા ભાર. ઠીક.

ચંદ્રીકા— ૨૪

ક્યાંરે જાવું (૨) દુઃખ આ કોની પાસે ગાવું નથી એકે ઉપાય. ક્યાંરે.
દુઃખનું વાદળ આવ્યું આવ્યું, ચોકી પેરા જોઇ મુંઝાણું,
કોણ યત્ને અહીંથી ફાવું, સુઝે નવ કાંઇ. ક્યાંરે.
હાય ફસાઇ હવે ક્યાં ધાવું, શિયળ મારૂં નહીજ જાવું,
જરૂર વિષ હવેજ ખાવું, કરજો પ્રભુ સ્હાય. ક્યાંરે.

ઓઓ— ૨૫

અની હાંરે જીયા વરની ઘોડલી ચાલે થનનનરે,
થનક થન ચાલ સાહેલીરે વેગે એ સાંચરી;
એને શીશ મોતી શેરૂં શોભતી, પાયે ઝનનનરે ઝનક ઝમકાર. સાહેલી.
સોહસંકી પવન વેગે પરવરી જાય ઘનનનરે પેલા વેવાઇને
દવાર. સાહેલી.
આજે આનંદ છે અતી ઘણોરે પુર પ્રતાપ ઘટ માંડવ,
લગ્નમાં મગ્ન સૌ ફરેરે બેની મંગળ ઘોળ ગવાય. જીયા.

મંડપ માંહે બિરાજસેરે પુર દીપકના રાય,
પરણુશે પ્રેમે નારી ચંદ્રીકારે બેની હૈડામાં હર્ષ ન માય. જીવા.

સોમા— ૨૬

શી દશા સખી તુજ થઇ મુકીને ગઇ સૈયરની ટોળી,
પ્રગટાવી તેં સહુના હૃદયમાં હોળી.
તેં દાધો કાળજે ઘાય ઉડીરે જાય પ્રાણુ હમારા,
તુજ મરણુ દશા જોઇ વહે ચક્ષુએ ધારા.
થયું વિઘ્ન લગ્નની માંહ્ય બધે હાય હાય નારી નર ભણે,
ગયો હર્ષ ઉડી પલમાંહ હૈયું ચણુચણે.
થયું મંડપ માંહે મશાણુ મંડાણું કહાણું ગીત જ્યાં ગાતાં,
થઇ ચોળી ચિતા રૂપ મરણુ તુજ થાતાં.
પ્રિય બેન થતાં તુજ ઘાત પડી ગઇ રાત અંધારી કાળી,
કરી રૂદન રોજ મરી જશે સખી સૌ ત્હારી.

મદન— ૨૭

પ્રિતી રૂપી ખંજરનો ઘાજ નહિં રૂઝાસે,
મરણુ પતંગ તણું થાય દીપક હજાસે.
દધી સુત ભાગ્યું તે પાછું સાજું ન થાયે,
તેમ તુજ વીણુ પ્યારી પ્રાણુ ઉડીજ જાયે.
હર હર સૌ પામી નાશ મારીજ આશે,
તુજ વીણુ હે રંભા વિયોગે નહિં જીવાસે.

જોષી — ૨૮

સબુર સબુર આ સતી સુંદરી શીદ મરણુ તું પામે,

હાથે વતિ કેમ પ્રાણ તજોછે આવી અહીં મુજ હામે,
બીહીત કર, મુજ સાહામે આપઘાત કરે શું કામે (૨) સબુર.
શું સંકટ આવ્યું તુજપર કહી દે તનયા મ્હારી,
સાહે સદા છે મુજ તારાપર દુઃખજ દેશ નિવારી,
સતિ છે તું નારી થે સાચી પરિક્ષા ત્હારી. સબુર.

ચંદ્રીકા— ૨૯

સુણો મમ માતુશ્રી દુઃખનીરે ભરી છું તમ બાળ,
શર્ણે ચર્ણે લઇ દુઃખ હરમા કૃપાળુ થઇ,
સ્વામી સજીવન મુજ કરી આપ તો ટળશે સર્વે સંતાપ. સુણો.
મુજ પતિ માટે મમ પ્રાણ હું તજતીતી જતુંની જાણ;
ખરી નીજ તનપર રેહેમ કરી પ્રેમ દઇ ક્ષેમ કરો રખવાળ. સુણો.

મદન— ૩૦

પ્યારી લાચારી સૌ સામી ગઇ,
ચંદ્રીકા— હા હા સમી ગઇ ગમ ગીની ગઇરે. પ્યારી.
ચાલો ચાલો મારા ચક્ષુના તારા,
પ્યારા ઓ મારા ખુશાલી થઇ,
મદન— ખુશાલી થઇ,
ચંદ્રીકા— નથી મણા રહીરે. પ્યારી.

મદન— ૩૧

જીવ થરર થાયે મન બહુ મુંઝાયે પ્રિયા હશેજ ક્યાંય,
હે જગના રાય કરો કરોજ સહાય લાગું ચરણુ તમારે. જીવ

શોધી વળ્યો ચાંહે બધા જંગલ માંહે પત્તો નથીજ કાંયે,
લાગે દીલમાં લ્હાય હવે કરૂં શું હાયે શોધી વળ્યો ઠારેઠાર. જીવ.

કુરસિંહ— ૩૨

પ્યારી મારી વિચાર કરો આ દુઃખ દેહને શીદ ધરો,
હરો ફરો આનંદ કરો નિર્ભય રહો નહી ડરો,
[illegible] અમ્રત ઝરો પાવો પ્રિતીનું પાન કરો. પ્યારી.
[illegible] કહી પ્યારી મારી પ્રેમે અહીં,
આનંદ [illegible] આનદ કરો અરસ પરસ વાતો કરો,
મધુર [illegible] ઓચરો માની પતિ મુને વરો. પ્યારી.

ચંદ્રીકા— ૩૩

પાપી નીચ પાપી નીચ પાપી નીચરે.
ન અજ્ઞાન થાતું માન ઓ નાદાન ભુલી ભાન,
કરે શીદને ગુમાન રાખ પાપી કાંઇ સાન,
ધીક તુજને હેવાન કરે મુજને હેરાન,
હવે લેશ તારો જાન હઠ હઠ તું સેતાન. પાપી.

ચંદ્રીકા ૩૪

મુક મુક હે પાપી વાળ મારા તણાયે,
થરર કંપે છે અરે મારીજ કાયે.
શીદ વણ અપરાધે અરે લંપટ સતાવે,
નીર્દોષ બાળાને આમ શાને રીબાવે.

ચંદ્રીકા— ૩૫

ધિક ધિક્કાર નાદાન તેં કીધું મદ્યપાન છટ ફટ હેવાન કાંઇ સમજ સમજ.

ધિક બન્યો બેભાન ક્યાં ગયું તારૂં તાન નીચ પાપી સેતાન. કાંઇ.
ક્યાં ગઇ તારી હોજ ખમા કરનારા રોજ તારા દીલમાં તું ખોજ. કાંઇ.
તારા શુરા સરદાર ક્યાં ગયા આવાર લાવ તેને આ ઠાર. કાંઇ.
તારો લઉછું જાન તુને દેવા જસાન મુને કીધોછે હેરાન. કાંઇ.
ભજ મુખેથી રામ છેલ્લો વખતનો ઠામ નેયત છોડી હરામ. કાંઇ.
પરનારીમાં સાર કેવો છે જો ગમાર તુને કરૂંછું ઠાર. કાંઇ.
સ્મર હરીને ખર પાપ થકીજ ડર ફરી આવું ન કર. કાંઇ.

લુટારો— ૩૬

એક ઝટકેથી ઠાર કરૂં મારૂંછું લુંટ મોટી હામથી,
મોટા શેઠ સાહુકાર લુંટીને કરૂંછું ખ્વાર,
લુંટારાનો હું સરદાર થરથરી મરે મુજ નામથી. એક.
બની જંગલનો રાય વરતાવુંછું ત્રાય ત્રાય,
કોથી આડું ન જવાય એવો ધંધો કરૂંછું દમામથી. એક.
નથી રાખતો દરકાર કોની દીલમાં લગાર,
કરૂં સર્વને પાર પામે હાર જોતાં વાર હેંહેંહેંહેં. એક.

લુટારા— ૩૭

હોધો હોધો હીકાર કાંઇ ભારી. (૨)
અલ્યા ઉઠ કરી લુટ પડી પૂઠ મારી મુઠ,
મજબૂત કચરકુટ ઝુટાઝુટ કુટાકુટ કરી લાવી હું ધનખુત મારી. હોધો.
રહી ખુબ ખબડદાર કરી ખાર મારી માર હથીયાર કરી ઠાર,
છે ભાર કરી પાર બહુ ભેગું કરી હું ધન ભારી. હોધો.

ઠીક હોથીને ઠામ રાખી લાખ લુંટો દામ કરો કામ સંગ્રામ કરો નામ,
ગામે ગામ ચાલો ચાલો હીમત બહુ ધારી. હોયો.

ચંદ્રીકા— ૩૮

દુર દુર દુર દુર હત્યારા ઠગારા ધુતારા લુટારા ક્રુર ક્રુર,
બનીજા ન મગરૂર ડરતું પાપથી. અડશે તો જરૂર બાળીશ શ્રાપથી.
સમજ સમજ નફ્ટ અધમ જીદ ચીર ધર મને ધીર,
મુક ખંત જો અનંત જીવથી ગયાછે એમાંજ પુર. દુર.

મદન— ૩૯

અજબ રસીલી સીદ તજેછે સુખ સર્વે તારૂં પ્યારી,
નમીને ગમીને રમીને સ્વામીને પ્રેમ રસ પા પ્રીય મારી.
છું શત્રુ હું તુજ પીતાનો પણ થઇ જાતું મુજ નારી,
હસીને ધસીને પ્રેમમાં ફસીને બાંધ પ્રેમ તું દીલધારી.
છું લાયક તુંજ સમ નાનકડી પા પ્રીતેથી રસ વારી,
રસીલી છબીલી પ્રેમીલી રંગીલી રંગ ઊમંગે રમનારી.

અંક ત્રીજો.

ઠુટારા— ૪૦

ચલીયે સરદાર સબ લેકે હથિઆર,
ખંજર સમશેર ભાલા કટાર,
હો જાઓ તૈયાર સબ લેકે તલવાર. ચલીયે.
મારો લૂટ મીલજાવે કોઇ પૈસેદાર,
ફતેહ અપની ઔર દુસ્મનકી હાર. ચલીયે.
ચલીયે ઝટ ચલીયે બહાદુરો પેહેલવાન,
દેખો સબ ગુફા ગીરી ઔર મેદાન,
કરના સંગ્રામ હે પેસેકા કામ,
પેસેકી હએ સારી દુનીયાં ગુલામ. વાહ પૈસા પૈસા (૨)

ઠુટારા— ૪૧

યહે સરદાર કો કીરતાર ખુશ રખો હરદમ,
હો હુમારે સબકે શરપે ખુદ કા હુકમ. યેહ.
હો મુબારક બાદી હંમેશ બને રહો તનમન,
અમન ચમન દો ખુદા મજેદારીકા ગમ. યેહ.
હુશ્નનુર બરસો પુર, ચમકત ચમ ચમ,
રંગ રંગત સંગ સંગત ઝમકત ઝમઝમ. યેહ.

સાહુઓ— ૪૨

ચેતન રહેના દીલ છોડી ભાઇ ચેતન રહેના દીલ છોડી,
માર ડંડ શીર દો ફોડી. ભાઈ.

બીજ બૈરકા ગીરા જમીમે, અબકયું રહેના પોહોડી,
બડા છોડ નહિં હોને દેના, દેના ઉસ્કુ મોડીરે. ચેતન૦

દુશ્મનકુ તો સબસેં પેહેલા માર ડાલના દોડી,
લપ્પડ થપ્પડ માર કુટકે દેના મથ્થા ફોડીરે. ચેતન૦

રોગ બઢે તો પેહેલા ઓસડ કરના આળસ તોડી,
નહિંતો આગુ કરે દુઃખ જીન્ને દે મુદત થોડીરે. ચેતન૦

ચંદ્રીકા— ૪૩

પધારો પ્યારા પ્યારા જુવે છે વાટ દારા. પધારો.

છબીલા છોગાળા રંગીલા રૂપાળા,
છો આંખોના તારા હૈયાના હાર મારા. પધારો.

વાર થઇ કેમ નાથજી કહો રઢીઆળા કંથ,
વિસરી ગયા શું પતિ પ્રિતી કેરો પંથ. છબીલા.

ધરે ન નાથ આમ તલસાવવી નારને,
પીયોજી બાથ ભરી અમ્રત રસ પ્યારને. છબીલા.

દરબારીઓ— ૪૪

રાય વદો શું વચનજ મુખથી આપ શેવકે શું નથી બળીઆ.
માથાં આ તમને અરપ્યાં છે, પેહેરી નથી હમે કાંચળીઆં,

ચાલો તૈયારી કરો આ વખતે નથી નૃપતિ હમે વંઠળીઆ.
આપ આઘા ઉભા રહી જોજો કેવા થઈને પડીએ છે રણીઆ,
ક્ષત્રીવટછે હજી આ ભ[illegible]માં કદી નહિં તે જાયે ટળીયાં. રામ.

મર્દન— ૪૫

વાહવા શુરવી તમ બળનો પ્રકાશ.
છે શાબાશ છે શાહાબાસ શૂરા રજપુત છો મજબુત,
પામ્યો છું સંતોષ અતિ હું આવાસ૦ વાહવા.

દરબાર— ૪૬

ઠાર મારી ઠાર કાપી, અરી પર સૌ ટાંપી.
છોડવા નહિં કદાપિ. મારો તીર ચોટ માપી. ઠાર.
સ્મરી અંબીકા પ્રતાપી, ધાઓ ધાઓ શુર વ્યાપી,
પાપીને નાંખો ઉથાપી, મારી નાંખો દુઃખ આપી. ઠાર.

ગુણકા— ૪૭

બને રહો ખુબ પ્યારા હમારા તમપર જાવું વારી,
તમપર જાવું વારી પ્યારા તમપર જાવું વારી. બને.
જુગ જુગ જીવો નૃપ હમારા સદા રહો સુખકારી. પ્યારા.
ચંદ્રબદન ખુબ સુંદર પ્રકાશે નયન કમલ છબી ન્યારી. પ્યારા.
જીઆ તરસે મુજ નીત નીત જોવા, મદન છટા બલીહારી. પ્યારા.

ગુણકા— ૪૮

આપ જેવા શોખીન બીજા કોઈ નહીં, ઉદાર આપ સમ કોઈ નહીં. આપ.

સંગીત શાસ્ત્રમાં છો જાણુકારી સોળે કળા છે પ્રભુ પૂર્ણ સહી. આપ.

લશ્કર— ૪૯

રણુ જોદ્ધા ઝટપટ ચાલો રીપુ હણુવા,
શસ્ત્ર સજો વીર થજો ફતેહ કરો ક્ષણુમાં,
કમર કસો સમીપ ધસો ખુબ લડો રણુમાં,
કળમાં છળમા બળમાં દળમાં જઇ શત્રુ સંહારો,
મા—રો—ડા—રો—વિજય વિજયછે સર્વ તણો. રણુ.

મદન— ૫૦

શુરવીર માહારા બહાદુરો કાઢો ઝટ તલવારો,
શ્વાન સરીખાં ભસી રહ્યાં છે આ શત્રુને મારો. શુરવીર.
ધાઓ ધાઓ શું જોઇ રહ્યા છો રણતુર ઝટ વગડાવો,
અજા દળ આ મન સમજી સૌ સીંહરૂપ થઇ જાઓ.શુરવીર.
ખડગ ચલાવો ખંતેથીને વીરહાથ પરખાવો.
માત અંબીકા મનમાં સમરી વિજય ધ્વજ ફરકાવો. શુરવીર.

લશ્કર— ૫૧

વાહ વિજય ખુશાલી થૈ થૈ પ્યારા.
થયો પરાજય શત્રુ તણો સુખ શાંતી વ્યાપી,
પ્રતાપ શ્રી ઘન શ્યામ તણો. વાહ.
છે ફતેહ હતેહ આપણીજ સદા છે વિજય વિજય જયકાર સદા,
વાસુદેવ આપ તણા પદમાં વંદે છે આ મંડળી સર્વદા. વાહ.

કંચનયો—   ૫૨

છનન છોમ છનન છોમ છોમ છનનન,
ના દર દર દીમ દીમ તાદીમ દીમ તનનન॰   છનન.
છીમ છીમ છીમ છીમ છનનનનનનન. (૩)
ધી ધી કીટ ધીટધા. (૩)
થનનન થનનન થોમ. (૩)
કિડાંન ધીતધા. (૩)
કીડાંગ્ધા ધાધા. (૩)   ના દર દર.

સમાપ્ત.

આખરે સત્યનો જય છે.



